# દ્વિતીય લેખિત કસોટી- એપ્રિલ-૨૦૧૬

તારીખ : ૧૨/૦૪/૨૦૧૬ ધોરણ-૬ સમય : ૮:૦૦ થી ૧૧:૦૦
વાર : મંગળવાર વિષય : ગુજરાતી કુલ ગુણ : ૮૦

વિદ્યાર્થીનું નામ : ______________________ બેઠક નંબર : ______

**સૂચનાઓ :** (1) પ્રશ્નોના જવાબ અલગ ઉત્તરવહીમાં લખવાના રહેશે.

**પ્રશ્ન-૧ (અ) નીચે આપેલાં પ્રશ્નોના યોગ્ય વિકલ્પ પસંદ કરી જવાબ લખો.** (10)

(૧) કવિ વાંસડિયામાંથી શું ઉતરાવવા માગે છે ?

(ક) પોપટ (ખ) મોર (ગ) વાંસળી (ઘ) પ્રભુજી

(૨) ફિલ્મ જોવા માટે બંને મિત્રો પાસે શું નહોતું ?

(ક) પૈસા (ખ) ટિકિટ (ગ) અનુકૂળતા (ઘ) સમય

(૩) સીતાના સ્વંયવરમાં મૂકેલા ધનુષ્યનું નામ શું હતું ?

(ક) ગાંડીવ (ખ) પરાશર (ગ) અનુષ્કા (ઘ) ત્ર્યંબક

(૪) શિક્ષક સોમનાથભાઇ વિદ્યાર્થીને એના જન્મદિને શું આપતા ?

(ક) શુભેચ્છા (ખ) પુસ્તકો (ગ) મીઠાઇ (ઘ) જીવન અંગે સૂચનો

(૫) અક્ષરો સારા કાઢવા હોય તો .....

(ક) મન શાંત રાખવું (ખ) લખવાનો વારંવાર મહાવરો કરવો

(ગ) કલમથી જ લખવું (ઘ) નવી બોલપેનની જરૂર પડે

(૬) 'ઇડરિયો ગઢ' જોવા કયાં જવું પડે ?

(ક) ગિરનાર પર્વત (ખ) પાવાગઢ (ગ) ઇડરના ડુંગરા (ઘ) ગબ્બર

(૭) બાળકની નજર સામેની ભેખડના પથ્થર પર પડી ત્યાં .....

(ક) ગલૂડિયું દેખાતું હતું

(ખ) બોડની બહાર સિંહનું નાનું બચ્ચું દેખાતું હતું

(ગ) નીચે ઊંડી ખાઇ દેખાતી હતી

(ઘ) સિંહણની બોડ દેખાતી હતી

(૮) આજના સમયમાં પત્ર લખવાનું ઓછું થઇ ગયું છે. કારણ કે ....

(ક) સંદેશાવ્યવહારના આધુનિક માધ્યમો વધ્યા

(ખ) પત્રો મળતા નથી

Scanned by CamScanner

(ગ) સૌ આળસુ થઈ ગયા

(ઘ) પત્રો મોંઘા થયા

(૯) 'વૃથા ગુમાવે તોલ બહુ બોલીને દેડકાં' આ પંક્તિમાં તોલ શબ્દનો અર્થ ....

(ક) મીઠાશ (ખ) કિંમત (ગ) ફોગટ (ઘ) ભલાઈ

(૧૦) 'આલાલીલા વાંસડિયા' કાવ્યનો પ્રકાર જણાવો.

(ક) ઊર્મિગીત (ખ) પ્રકૃતિગીત (ગ) ભાવગીત (ઘ) લોકગીત

**(બ) નીચેના વાક્યોમાંથી નામપદ અને ક્રિયાપદ શોધીને લખો. (ગમે તે બે)** (4)

(૧) પહેલવાન હસી પડયો.

(૨) મહારાજ ઝાડ પરનાં માંચડે બેઠા હતા.

(૩) માધવ મોરલી વગાડે છે.

**(ક) નીચે આપેલા શબ્દોનાં સમાનાર્થી શબ્દો લખો. (ગમે તે બે)** (2)

(૧) કંદુક (૨) અધર (૩) રક્ત

**પ્રશ્ન-૨ (અ) નીચેના પ્રશ્નોનાં ત્રણ-ચાર વાક્યમાં જવાબ લખો. (ગમે તે ત્રણ)** (9)

(૧) નિરંજનના મિત્રએ પત્રનો કેવો ઉપયોગ કર્યો ?

(૨) ધનુષ્ય ઉપાડવા જતાં રાવણની શી દશા થઈ ?

(૩) 'સાગરકાંઠાનો પ્રવાસ' પાઠમાં દરિયાકાંઠાના કયાં-કયાં સ્થળોનો ઉલ્લેખ થયો છે?

(૪) શિકાર માટે ગયેલી સિંહણ શિકાર કર્યા સિવાય શા માટે પાછી ફરી ?

**(બ) નીચે આપેલ વિભાગ 'અ' ને વિભાગ 'બ' સાથે યોગ્ય રીતે જોડો :** (4)

| 'અ' | 'બ' |
|---|---|
| (૧) રાવણનું મિથ્યાભિમાન | (૧) કનૈયાલાલ રામાનુજ |
| (૨) સાગરકાંઠાનો પ્રવાસ | (૨) ગિરધર |
| (૩) માતૃહૃદય | (૩) ઉમાશંકર જોષી |
| (૪) ગુંજરાત મોરી મોરી રે | (૪) રઘુવીર ચૌધરી |

**(ક) નીચે આપેલા શબ્દસમૂહ માટે એક શબ્દ લખો. (ગમે તે ત્રણ)** (3)

(૧) કન્યા પોતે વર પસંદ કરે તે માટેનો સમારંભ

(૨) વંશ પરંપરાથી ચાલતું

(૩) મોટો સોનાનો પર્વત

(૪) ફરીથી થતું નિર્માણ

Scanned by CamScanner

**પ્રશ્ન-૩ (અ) નીચે આપેલા પ્રશ્નોના એક-બે વાક્યોમાં જવાબ લખો. (ગમે તે ચાર)** (8)

(૧) 'આલાલીલા વાંસડિયા' કાવ્યમાં કયાં-કયાં પક્ષીઓનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે ?

(૨) નિરંજન અને તેના મિત્રએ ફિલ્મ જોવા જવાનું કયારે નક્કી કર્યું ?

(૩) શિવ-ઉમિયાની સ્તુતિ કોણે કરી ?

(૪) વહાણ તોડવાના વિશ્વવિખ્યાત કેન્દ્રનું નામ આપો.

(૫) મિત્ર કેવો હોવો જોઇએ ?

**(બ) નીચે આપેલા શબ્દોને શબ્દકોશના ક્રમમાં લખો.** (4)

નિશિચર, મેરુ, ચાપ, અભિમાન

**(ક) નીચેનાં વાક્યો કોણ બોલે છે અને કોને કહે છે તે લખો.** (4)

(૧) "સાહેબ પ્રવાસનું સ્થળ નક્કી કરવાનું ભૂલી ગયા લાગે છે !"

(૨) "મહારાજ શિવસંકટહરણ, રાખજો મારી લાજ;"

(૩) "આવો, બેસો ! ચા લેશોને ?"

(૪) "કંદુકની પેરે ઉછાળું મેરુ, મંદ્રાચળ પરવત."

**પ્રશ્ન-૪ (અ) નીચે આપેલા વિષયો પૈકી કોઇ એક વિષય પર નિબંધ લખો.** (8)

(૧) મારો પ્રિય તહેવાર (૨) મા તે મા

(૩) ગરવી ગુજરાત

**(બ) નીચે આપેલા રૂઢિપ્રયોગોના અર્થ આપી વાક્યમાં પ્રયોગ કરો. (ગમે તે ત્રણ)** (6)

(૧) સ્તબ્ધ થઇ જવું (૨) વાતોનાં વડાં કરવાં

(૩) દિલનો ટુકડો હોવું (૪) મોતિયા મરી જવા

**(ક) નીચે આપેલા શબ્દોનાં વિરુદ્ધાર્થી શબ્દો લખો. (ગમે તે બે)** (2)

(૧) અણિયાળી (૨) મોંઘું (૩) ધીરજ

**પ્રશ્ન-૫ (અ) નીચે આપેલા મુદ્દા પરથી વાર્તા લખી યોગ્ય શીર્ષક લખો.** (6)

બે સ્ત્રીઓ – એક બાળક માટે લડવું – ઝઘડો વધી જવો – ન્યાય માટે કાજી પાસે જવું – નોકરને બોલાવવા – બાળકના ટુકડા કરવા આદેશ – બાળકની માતાનું રુદન – બેભાન થવું – અન્ય સ્ત્રીને સજા.

Scanned by CamScanner

**અથવા**

તમે કરેલા પ્રવાસનું વર્ણન કરતો પત્ર તમારા મિત્રને લખો.

**(બ) તમને આવડતા કોઈપણ કાવ્યની ચાર પંક્તિ લખો.** (4)

**(ક) નીચે આપેલા શબ્દોના અર્થ લખો. (ગમે તે ત્રણ)** (3)

(૧) કરગઠિયાં (૨) ખોળિયું

(૩) ઓસાણ (૪) પ્રાગડ

**(ડ) નીચે આપેલા શબ્દોની જોડણી સુધારીને લખો. (ગમે તે ત્રણ)** (3)

(૧) પ્રાકૃતીક (૨) લહીયો

(૩) સૂલેખન (૪) અભીમાન

***Best Of Luck***

Scanned by CamScanner